
# લગ્ન કેટલાં જરૂરી?



**આ** સવાલનો જવાબ દરેક વ્યક્તિએ જાતે જ શોધવો પડે છે.

આજે લગભગ દરેક યુવાન છોકરી તેની માને, માસીને કે કાકીને પૂછે છે, "લગ્ન શું કામ કરવાં જોઈએ?" આજથી પાંચ દાયકા પહેલાં જન્મેલી સ્ત્રીનો અભિપ્રાય આજની છોકરીથી જુદો છે. તેને માટે લગ્ન સલામતી કે સામાજિક પ્રતિષ્ઠાનો પર્યાય છે. 1990 પછી જન્મેલી છોકરી જુદી રીતે વિચારે છે. એવી જ રીતે એક પુરુષ માટે આજથી 50 વર્ષ પહેલાં લગ્ન એક સગવડ અથવા સામાજિક સંસ્થા તરીકે જીવવાની રીત હતી, આજનો યુવાન જુદી રીતે વિચારે છે.

એવાં દંપતી છે, જે એવી સલાહ આપે કે 'લગ્ન તો કરવાં જ જોઈએ.' તો બીજી તરફ એવાં દંપતી પણ છે જ જેમને લાગે છે કે 'લગ્ન તો ન જ કરવાં જોઈએ.'

લગ્ન વિશેનો નિર્ણય, આ બંને પ્રકારના લોકોની સલાહ વગર કરવો જોઈએ. જે વ્યક્તિને લગ્ન કરવાં છે અથવા નથી કરવાં, તેણે બંને બાબતો માટે પોતાનાં કારણો શોધવાં જોઈએ અને એ કેટલાં સાચાં છે, કેટલાં યોગ્ય છે એની તપાસ કરવી જોઈએ. કોઈ એક વ્યક્તિની સલાહ પર કરવામાં આવેલો નિર્ણય એના અનુભવ અને એ અનુભવમાંથી લાધેલા જ્ઞાન ઉપર આધારિત છે, એ કોઈ અન્ય વ્યક્તિને કેવી રીતે કામ લાગે?

જે પેઢીનાં લગ્નને બે દાયકાથી વધુ સમય થઈ ચૂક્યો છે એ પેઢીમાં ક્યાંક લગ્ન 'નિભાવવા'ની ભાવના કે સમજૂતી, સમાધાન, સહનશક્તિ જેવા શબ્દો સાંભળવા મળે છે. સાચું પૂછો તો લગ્ન એ બે વ્યક્તિએ સાથે 'જીવવા' અને 'માણવા'નો સંબંધ છે.

જો સમાધાન, સમજૂતી કે સહન કરવાની વાત આવે તો બેમાંથી એક સુખી નથી, એવું નક્કી થાય છે? અને, જો ઇચ્છાથી કે સ્નેહથી, પરિસ્થિતિ કે વ્યક્તિ સાથે ગોઠવાઈ જવાનું નક્કી કર્યું હોય તો બંને જણ ખુશ હોય જ, પરંતુ બહારની વ્યક્તિને કદાચ એ સમાધાન કે સમજણ ન સમજાય એવું બને.

આજની યુવાન પેઢીને લાગે છે કે તેમનાં માતા કે પિતાએ લગ્નજીવનને ટકાવી રાખવા ઘણું 'સહન' કર્યું છે. આ જોઈને, તેમની અંગત સમજણથી તેમને જે લાગ્યું છે એના પર આધારિત નિર્ણય કરવાનો આવે ત્યારે યુવાન પેઢી લગ્નને બંધન અથવા 'સમસ્યા' તરીકે જોતી થઈ જાય છે.

લગ્નમાં 'સફળ', 'નિષ્ફળ' કે 'આદર્શ' જેવાં કોઈ વિશેષણો કામ લાગતાં નથી. લગ્ન કાં તો સુખી હોય છે અથવા તો અગવડભર્યાં-દુઃખી હોય છે. બે વ્યક્તિઓના આ સંબંધમાં સુખ કે દુઃખનો અર્થ બંને માટે સમાન હોવો જોઈએ. એક સુખી અને બીજું દુઃખી હોય તો એ લગ્ન નહીં, મજબૂરી છે. પ્રમાણ કે તીવ્રતા જુદાં હોઈ શકે પણ અનુભૂતિ તો એક જ હોય છે.

આજની યુવાન પેઢીનો પ્રશ્ન સમજવા જેવો છે, 'લગ્ન કરવાથી સુખી થઈ શકાય?' એ પૂછે છે, 'ન ફાવે તો?' તેમને આવાં ભય અથવા ચિંતા સતાવે છે. તેમને લાગે છે કે 'લગ્ન' તેમની કારકિર્દી અને જીવનશૈલીને ક્યાંક બાંધી લેશે.

લગ્ન, એક એવો સંબંધ છે જેમાં બે વ્યક્તિ સાથે સાથે વૃદ્ધ થવાનું નક્કી કરે છે. વયવૃદ્ધ જ નહીં, સમજણ, સ્નેહ અને જ્ઞાનવૃદ્ધ પણ થાય છે. એકબીજાની અપૂર્ણતા શોધવાને બદલે બે અપૂર્ણ વ્યક્તિઓ જો એક પૂર્ણ સંબંધને જીવવાનો પ્રયાસ કરવા તૈયાર હોય તો લગ્નમાં બંને સુખી થઈ શકે. બંને વ્યક્તિમાં કોઈ નબળાઈ કે અવગુણ હોય જ, પરંતુ ગુણ જોવાની કે એકમેકમાં સારી બાબતોની નોંધ લેવાની પ્રકૃતિ લગ્નજીવનને સુખી અને એકબીજા સાથે જીવવાના સમયને સ-રસ બનાવે છે.

કોઈ એક વ્યક્તિ સાથે, આખી જિંદગી જીવી શકાય એવું લાગે તો જ લગ્ન કરવાં જોઈએ. કોઈ એક વ્યક્તિ વગર આપણી અપૂર્ણતા આપણને જ અઘરી પડશે અને એ વ્યક્તિ જો જીવનમાં જોડાશે તો બંને સાથે મળીને પૂર્ણતા તરફ પ્રવાસ કરી શકીશું એવું લાગે તો લગ્ન કરવાં જોઈએ.

લગ્ન કાગળ પર કરાયેલો કોઈ કરાર નથી. એ 'સંબંધ' છે, મન, બુદ્ધિ, શરીર અને પરિવારનો. આ સમજવાની કે સાચવવાની તૈયારી કે જવાબદારી લેવાની પ્રતિબદ્ધતા હોય તો અને તો જ લગ્ન કરવાં જોઈએ.

'સ્વીકાર' અને 'સમાધાન-સમજૂતી' એક નથી.

કોઈ એક વ્યક્તિ સાથે, આખી જિંદગી જીવી શકાય એવું લાગે તો જ લગ્ન કરવાં જોઈએ. કોઈ એક વ્યક્તિ વગર આપણી અપૂર્ણતા આપણને જ અઘરી પડશે અને એ વ્યક્તિ જો જીવનમાં જોડાશે તો બંને સાથે મળીને પૂર્ણતા તરફ પ્રવાસ કરી શકીશું એવું લાગે તો લગ્ન કરવાં જોઈએ.

### વર-વચન

**ॐ एकमिषे विष्णुस्तवा नयतु।**

*ભાવાર્થ : આ પ્રથમ પદનું અતિક્રમણ કરવા માટે વિષ્ણુભગવાન તને અન્ન અર્પે.*

### કન્યા-વચન

**ॐ सुखदुःखानि रार्वाणि त्वया सह विभज्यते।**
**यत्र त्वं तदहं तत्र प्रथमे सा ब्रवीदिदम्।।**

*ભાવાર્થ : હે પતિદેવ! તમારા દુઃખમાં હું ભાગીદાર બનીશ.*
*તમે જ્યાં અને જેવી રીતે રહેશો ત્યાં હું પણ રહીશ.*

શાસ્ત્રોક્ત વિધિ મુજબ પતિ કહે છે કે પહેલું પગલું ચાલવા માટે તને અન્ન મળે. આ 'અન્ન' એટલે ભોજન? ના, અહીં અન્ન ઊર્જાના અર્થમાં વપરાય છે. પિયરથી સાસરે જનારી છોકરી પોતાના પરિવારને લાડ, પ્રેમ અને સ્વતંત્રતાને મૂકીને હવે કોઈના ઘરની મર્યાદા, પ્રતિષ્ઠા અને કુળવધૂ બનવા જઈ રહી છે. એના મનમાં ચાલતાં અવઢવ અને મૂંઝવણને એ અતિક્રમે (ક્રૉસ કરી શકે) એ માટે એને ભગવાન વિષ્ણુ (કારણ કે એ સંસારનું પાલન કરે છે. શિવ સંહાર કરે છે અને બ્રહ્મા જન્મ આપે છે) શક્તિ (ઊર્જા-અન્ન-બળ) પ્રદાન કરે એવું પતિ કહે છે. અહીં પતિ એમ પણ કહે છે કે તું મારામાં જે વિશ્વાસ મૂકી રહી છે એ તું નિશ્ચિંતતાથી મૂકી શકે એ માટેની શ્રદ્ધા પણ તને ભગવાન વિષ્ણુ તરફથી મળે.

બીજી તરફ, પત્ની વચન આપે છે કે હું તમારી સાથે આવી રહી છું તો હવે સુખમાં કે દુઃખમાં, ફરિયાદ કર્યા વગર - અભાવ કે અસુખ વિશે જીવ બાળ્યા વગર હું તમારી સાથે આનંદથી રહેવાનો પ્રયત્ન કરીશ. અહીં એક મહત્ત્વનો મુદ્દો એ છે જેમાં પત્ની કહે છે, 'તમે જેમ રહેશો તેમ' હું રહીશ! આ વાત પતિએ પણ સમજવાની છે. પોતે જે રીતે રહે તે રીતે પત્નીને રાખવી એ પતિની ફરજ છે. જો એને અભિપ્રાય આપવાની, પોતાનો આનંદ લેવાની, પોતાના મિત્રોને મળવાની કે પોતાના પરિવાર સાથે સમય વિતાવવાની છૂટ

હોય તો એ છૂટ પત્નીને પણ મળવી જોઈએ. અહીં, 'તમે જેમ રહેશો તેમ'નો અર્થ એ છે કે પતિની તકલીફમાં પત્ની તકલીફ સહન કરશે તો બીજી તરફ, પતિના સુખમાં એણે પોતાની પત્નીને 'સુખ' આપવું એ એની ફરજ છે.

## આધુનિક

આજના સમયમાં દીકરીઓ પોતાની સ્વતંત્રતા છોડીને લગ્ન કરતાં અચકાય છે. એમને ભય લાગે છે કે એમનું શિક્ષણ વ્યર્થ જશે અને કારકિર્દીમાં લગ્નને કારણે તકલીફ પડશે. આજની દીકરીઓએ પોતાની મમ્મીને હાઉસ વાઇફ અથવા ગૃહિણી તરીકે જોઈ છે, પણ આજની દીકરી એવું જીવવા માગતી નથી એટલે એને લગ્ન કરતી વખતે ભય લાગે છે. એ સમયનું સપ્તપદીનું પહેલું વચન આજે પણ એટલું જ સાચું છે. પોતાની સ્વતંત્રતા અને કારકિર્દી સાથે નવા જીવનમાં પ્રવેશ કરતી નવયુવતી-નવવધૂને એનો પતિ કહે છે, 'આ નવા સ્વરૂપ અને નવા સંબંધમાં પ્રવેશવા માટે ઈશ્વર (ભગવાન વિષ્ણુ) તને શક્તિ આપે. તું મારામાં વિશ્વાસ મૂકી શકે અને મારો પરિવાર પણ તને એટલા જ સ્નેહથી રાખશે, એટલી જ સ્વતંત્રતા આપશે એવી તને શ્રદ્ધા મળે તે માટે ભગવાન તને સહાયરૂપ થાય.'

સામે આજની પત્ની પોતાના પતિને વચન આપે છે કે સારા-ખરાબ સંજોગોમાં સફળતા કે નિષ્ફળતામાં તમારી કારકિર્દીના સંઘર્ષમાં અને તમારા પરિવાર સાથેના મારા ઍડ્જસ્ટમેન્ટમાં 'જેમ તમે રહેશો તેમ હું રહીશ'. આનો એક અર્થ એ પણ થાય કે હું તમારાં માતા-પિતાને મારાં માતા-પિતા માનીશ, જેમ તમે માનો છો તેમ જ. તમે જે રીતે તમારા પરિવાર માટે સમય, શક્તિ અને ધન ખર્ચો છો એમ હું પણ મારો સમય, શક્તિ અને ધન તમારા પરિવાર માટે નિઃસંકોચ આપીશ.

સપ્તપદીનું વચન ભલે સદીઓ જૂનું હોય, પણ એનો આધુનિક અર્થ જોવા જઈએ, તોય કશું બદલાતું નથી. એ આપણી ભારતીય સંસ્કૃતિની સૌથી ગરિમાપૂર્ણ અને મહત્ત્વની બાબત છે.